


આઈ-રાયલા : ગાંધીનગર રોટરી ક્લબના યજમાન પદે યોજાયેલ આંતરરાષ્ટ્રીય રોટરી યુથ લીડરશીપ એવૉર્ડનો શુભારંભ ઈડીઆઈ ખાતે ઉલ્લાસભર્યા વાતાવરણમાં થયો હતો. ૧૭ દેશોના ૪૪ યુવા પ્રતિનિધિઓ સહિત રાજ્યના અને રાષ્ટ્રના કુલ ૨૭૨ યુથ ડેલીગેટ ભાગ લઈ રહ્યા છે. કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશનના મેનેજીંગ ડીરેક્ટર રણજીતસિંહજી, રોટરી ઈન્ટરનેશનલના ડીસ્ટ્રીક્ટ ગવર્નર જગદીશ પટેલ, ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા, આઈ-રાયલાના ચેરમેન કમલકિશોર જૈન, પ્રેસિડેન્ટ દિલીપ પટેલ સહિત રોટરી ક્લબના પદાધિકારીઓ અને ડેલીગેટ્સ મોટી સંખ્યામાં જોડાયા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

# સે-૧૭ પ્રદર્શન સંકુલમાં ૭.૫૦ કરોડના ખર્ચે નવા માર્ગો

ગાંધીનગર, તા.૨૪

સે-૧૭માં વાઈબ્રન્ટ પ્રદર્શનના સ્થાને જરુરી રોડ નેટવર્કનું નિર્માણ કરવામાં આવશે. આ વિસ્તારમાં નવા રસ્તાઓનું નિર્માણ કરાશે. માર્ગ નિર્માણની આ કામગીરી પાછળ રૂ. ૭.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. ટૂંકમાં કામ શરુ કરી દેવાશે.


આગામી જાન્યુઆરી મહીનામાં યોજાનારી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરને વાઈબ્રન્ટ લુક આપવા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. શહેરમાં સફાઈ, દબાણ હટાવ ઝુંબેશ ઉપરાંત બ્યુટીફીકેશનના અનેકવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે. આ ઉપરાંત નગરમાં વિવિધ માર્ગોની સફાઈ તેમજ રસ્તાઓના નવીનીકરણના કામો પણ શરુ કરી દેવાયા છે. હાલ 'ખ' માર્ગ, ક-૭ થી જ-૭, છ-૩ થી છ-૫ તેમજ ઈન્ફોસીટી વાળા માર્ગની સુધારણાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. જયારે સ્વર્ણિમ પાર્કના રસ્તાઓ પણ નિયત સમય મર્યાદા બાદ ચકાચક બનાવી દેવાયા છે. વાઈબ્રન્ટ સમિટને લઈ શહેરના માર્ગોની સુધારણા પાછળ કરોડોનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. બીજી તરફ સે-૧૭ના હેલીપેડ વિસ્તારમાં નિર્માણ કરાયેલા પ્રદર્શન હોલને અનુલક્ષી નવું રોડ નેટવર્ક ઉભું કરવામાં આવશે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન આ વિસ્તારમાં મહાનુભાવોની વિશેષ અવર જવર રહેશે જેને અનુલક્ષી નવા રસ્તાઓ બનાવવાનું કામ ટૂંકમાં હાથ ધરાશે આ કામગીરી પાછળ અંદાજિત રૂ. ૭.૫૦ કરોડનો ખર્ચ થશે.

# સે. ૨૧ના બંધ ફૂવારામાંથી વાઇછટ મારતી વિકરાળ સમસ્યા

## લાખોના ખર્ચ પર પાણી ઢોળ : ગંદકી અને મચ્છરઉત્પત્તિ સ્થાન બનેલા ફુવારાની મશીનરી પણ ગાયબ : તસ્કરોનો હાથ ફેરો

ગાંધીનગર, તા. ૨૪

શહેરના મુખ્ય શોપીંગ સેન્ટરમાં લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા ફાઉન્ટેઈન વર્ષોથી બંધ હાલતમાં છે. ઠંડક આપતા ફૂવારાઓના સ્થાને હવે વિકરાળ સમસ્યાઓ ઉદ્ભવી રહી છે. કંગાળ હાલતમાં બંધ ભાસતા ફાઉન્ટેઈનના ઠેકાણે ગંદકી ખદબદી રહી છે. જ્યારે અંદર ફીટ કરાયેલી



મશીનરીને પણ તસ્કરોના હાથ લાગી જતા આમ મુલાકાતીઓ માટે હવે આ ઠેકાણે માત્ર પડવા માટે જાણે મોટા ખાડા ખોદી મુકી દેવાયા હોય તેવી સ્થિતિ છે. સે. ૨૧ના હાર્દસમા વિસ્તારમાં સ્થિત શોપીંગ સેન્ટરમાં ફૂવારાના નિર્માણ માટે મોટી જગ્યા રોકવામાં આવી છે. એકબાજુ સાંકડા વિસ્તારમાં આમ પણ જગ્યાના અભાવે ભીડ-ભાડના લીધે મુલાકાતીઓને હાલાકી વેઠવી પડે છે. આમ છતાં લાંબા સમયથી આ બંધ બંધ ફુવારાના લીધે કંગાળ ભાસતા આ વિસ્તારમાં અનેક સમસ્યાઓ સર્જાઈ છે. તંત્રની બેદરકારીના લીધે લાખોનો ખર્ચ માથે પડ્યો છે. ગંદકી અને મચ્છરોની ઉત્પતિનું કેન્દ્ર બનતા આ સ્થાનોએ તસ્કરોએ પણ હાથફેરો કરી લીધો છે. સે. ૨૧ના શોપિંગ વિસ્તારમાં જગ્યાના અભાવે આમ પણ ગીચતા ઉભી થઈ છે. ત્યારે દિનપ્રતિદિન વધતી મુલાકાતીઓની સંખ્યા સામે ફુવારાના સ્થાન આડશ



(તસવીર : દિપક જાની)

બન્યા છે. શહેરને વાઈબ્રન્ટ લુક આપવા સરકારી તંત્ર દોડદામ કરી રહ્યું છે. આવા સંજોગોમાં નગરના મુખ્ય શોપિંગ સેન્ટરમાં જ વાઈબ્રન્ટ લુકની ઓળખને ધબ્બો લાગે તેવી દયનીય સ્થિતિ છે.

સે. ૨૧ના મુખ્ય શોપીંગ સેન્ટરમાં દાયકા પૂર્વે નિર્માણ કરાયેલા ફૂવારાની રોનક હવા થઈ ગઈ છે. તંત્રકક્ષાએથી કોઈપણ પ્રકારની જાળવણી કે દરકાર ન લેવાતા વર્ષોથી આ ફૂવારા બંધ હાલતમાં છે. રંગબેરંગી લાઈટીંગની સાથે આંખોને ફૂવારા કાયમી ધોરણે દૂર કરવા અગર ચાલુ કરવા કોઈ પગલા લેવાતા નથી. લાખોના ખર્ચ પર પાણીઢોળ થયા બાદ બંધ ફૂવારાના અસ્તિત્વથી અનેક વિકરાળ સમસ્યાઓએ ભરડો લીધો છે. અગાઉ શહેરી વિકાસ વિભાગના ઉચ્ચ અધિકારી સહીતની ટીમ આ વિસ્તારની મુલાકાત લઈ યોગ્ય કાર્યવાહી હાથ ધરવા સૂચના આપી હતી, પરંતુ તંત્રકક્ષાએથી કોઈ ગતિવિધિ હાથ ધરવામાં આવી નથી.

# ગાંધીનગર જિલ્લાની ભોયણ મોટી શાળાના વિભાજનની દરખાસ્ત

## ગુણોત્સવના નબળા બાળકો માટે ૧લી ડિસેમ્બરથી ઉપચારાત્મક વર્ગોનું સંચાલન કરવા શિક્ષણ સમિતિનો નિર્ણય

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની મોટી ભોંયણ ગામની પ્રાથમિક શાળાનું પ્રાથમિક શાળા અને ઉચ્ચત્તર પ્રાથમિક શાળા એમ વિભાજન કરવાનો નિર્ણય આજે જિલ્લા શિક્ષણ સમિતિએ કર્યો છે.

આજે જિલ્લા પંચાયત ખાતે જિલ્લા શિક્ષણ સમિતિની મળેલ બેઠકમાં આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ શાળામાં એક હજારથી વધુ બાળકો અભ્યાસ કરી રહ્યા છે અને શાળા સંકુલ નાનુ પડે છે આથી શિક્ષણ સમિતિની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ શાળામાં ત્રીસથી વધુ શિક્ષકોનું મહેકમ છે. શાળા વિભાજનની આ મંજૂરીને બહાલી આપવા સરકારના શિક્ષણ વિભાગને જણાવવા પણ જણાવાયુ છે.

શિક્ષણ સમિતિની આજે મળેલ બેઠકમાં જિલ્લાની ચાર ને બદલે પાંચ મોડેલ સ્કૂલની દરખાસ્ત મોકલવા માટે પણ ચર્ચા કરવામાં આવી હતી. અનોડિયાની સ્કૂલને મોડેલ સ્કૂલ બનાવવા આજની બેઠકમાં ભલામણ કરાઈ હતી. અગાઉ આરસોડિયા, દેલવાડ, દશેલા અને વાસણા ચૌધરીની સ્કૂલોને આ દરજ્જો આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આજની બેઠકમાં જિલ્લામાં સ્માર્ટ સ્કૂલો બનાવવા પાછળ થયેલ રૂ. ૫૫ લાખના ખર્ચને પણ બહાલી આપવામાં આવી છે. આ ઉપરાંત ગુણોત્સવને લઈ ચર્ચાઓ કરવામાં આવી હતી.

૧લી ડિસેમ્બરથી પ્રાથમિક શાળાના બાળકો માટે ઉપચારાત્મક શિક્ષણના વર્ગો શાળા સમય ઉપરાંતના અર્ધા કલાકથી ૧ કલાકના ચલાવવા માટેનો પણ નિર્ણય કરવામાં આવ્યો હતો.

# એસ.બી.આઈ.માં વીજળી વેરણ થતાં લિફ્ટ સેવા ખોરવાઈ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં આજે વીજ પુરવઠો ખોરવાતાં કર્મચારીઓ અને ગ્રાહકો લિફ્ટમાં ફસાઈ જવા પામ્યા હતા.

સચિવાલય સંકુલ સામે આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની મુખ્ય શાખામાં બપોરના સુમારે વીજ પુરવઠો ખોરવાતાં લિફ્ટમાં જતા ગ્રાહકો અને કર્મચારીઓ ફસાઈ ગયા હતા. ગાંધીનગર જિલ્લા પંચાયતના બે કર્મચારીઓ શ્રી પી.એન. જોષી અને એ.એફ. પરમાર પણ લિફ્ટમાં ફસાઈ ગયા હતા. જોકે સિક્યોરીટીના જવાનોએ તાબડતોબ કી થી લિફ્ટના દરવાજા ખોલી ફસાયેલાઓને બહાર કાઢ્યા હતા.

ગુજરાત અને રાજસ્થાનના પશુ પાલકો માટે
આજથી ભવ્ય શુભારંભ
મેવાડકીંગ પશુ આહાર
ના ઉત્પાદક




મહાલક્ષ્મી ઓઈલ મીલ
ધનસુરા - બાયડ હાઈવેરોડ, મુ.કંજરીકંપા,
તા.ધનસુરા,જિ.અરવલ્લી.
ફોન.૦૨૭૭૪-૨૨૨૬૫૦ મો.૯૭૨૭૩૯૮૮૨૨




શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com